# મોદી તો ભારતના પીએમ બની ગયા પણ સચિવાલયમાં હજી સીએમ તરીકે મોજૂદ છે

## મોદી સાહેબ ઓફિસમાં બેઠા છે ? મિનિસ્ટર અને ધારાસભ્યો ભૂલ કરે છે

ગુજરાતમાં નરેન્દ્ર મોદીને કોણ ભૂલી શકે.. ?!!...૪૬૦૯ દિવસ સુધી જે ધરા ઉપર રાજ કર્યુ છે તે માસ લિડર ભલે આજે હિન્દુસ્તાનની ધરતી ઉપર છવાયેલા હોય, ગુજરાત તેને ભૂલી શકતું નથી. ચીફ મિનિસ્ટર તરીકે આનંદીબેન પટેલ કાર્યરત હોવા છતાં સચિવાલયમાં એક ઓફિસર ફોન ઉપર બીજા ઓફિસર સાથે વાત કરતા હતા ત્યારે તેમણે કહ્યું કે હા, હું સીએમ મોદી સાહેબનું આ બાબતે ધ્યાન દોરીશ... એક ધારાસભ્ય સ્વર્ણિમ સંકુલના ત્રીજામાળે ગયા અને સીએમઓમાં જઈને કહે છે કે મોદી સાહેબ ઓફિસમાં બેઠા છે ?!!.. પાટનગરમાં મોદીનો જાદુ હજી અકબંધ છે... વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે અમદાવાદમાં જીઆઈડીસીનો એક કાર્યક્રમ હતો. ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ અને વન મંત્રી ગણપત વસાવા બાજુ બાજુમાં બેઠા હતા. વસાવાએ જયારે તેમનું પ્રવચન પૂર્ણ કર્યુ ત્યારે તેમણે કહ્યું કે આપણે આપણા સીએમ નરેન્દ્રભાઈનો આભાર માનીએ છીએ... આનંદીબેન પણ આ સાંભળીને હસી પડ્યા... આવી એક નાનકડી ભૂલ ખુદ આનંદીબેન પટેલે તેમની શ્રીકમલ કાર્યાલયની મુલાકાત વખતે કરી હતી.... નવા નવા દિવસો છે, હજી આવું ઘણું ચાલતું રહેવાનું છે... આપણી વાયબ્રન્ટ ગુજરાત ની ઓફીસિયલ વેબસાઈટના પિક્ચર્સ સ્લાઈડીંગમાં પણ મોદી આજે દેખાય છે...


### વાજપેયી પ્રેમી કોંગ્રેસ નેતાને પાર્ટીમાંથી કાઢી મુકવામાં નહોતા આવ્યા

**ટાઈમ લાઈન**

**- ગૌતમ પુરોહિત**



### મિનિસ્ટરો ફોન ન ઉપાડે તો વાંધો નહીં, વોટ્સઅપ મેસેજ કરી દેવાનો



**કોંગ્રેસમાં પણ મોદી પ્રેમીઓ વધતા જાય છે...**

ભારતમાં એક સમય હતો કે ભાજપના નેતા અટલ બિહારી વાજપેયીની જાહેર સભાનું આયોજન ગમે ત્યાં થતું ત્યાં તેમને સાંભળવા માટે બુદ્ધિજીવીઓ, પાર્ટીના કાર્યકર્તાઓ અને નેતાઓ તો આવતા હતા પરંતુ ધ્યાન ખેંચે તેવી બાબત એ હતી કે કોંગ્રેસના નેતાઓ પણ તેમનું પ્રવચન સાંભળવા જતા હતા. વાજપેયીની વક્તવ્ય સ્ટાઈલ જરા હટકે... હતી. ભારતના તમામ નેતાઓમાં તેઓ અલગ તરી આવતા હતા. તેઓ કોંગ્રેસમાં પણ તેટલા જ લોકપ્રિય નેતા હતા જેટલા ભાજપમાં હતા....

આજે જમાનો આવ્યો છે નરેન્દ્ર મોદીનો... તેમની સ્ટાઈલ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ગરમીનો આતંક યથાવત

## એક પખવાડિયાથી પડી રહેલી ભીષણ ગરમીથી બાળકો-વૃદ્ધો સહિત પશુ-પંખીની સ્થિતિ બેહાલ

ગાંધીનગર, તા. ૮

પાટનગર સહિત રાજ્યભરમાં છેલ્લા ૧૦ દિવસથી રીતસરની માથુ ફાડી નાખે તેવી ગરમી લોકોના જનજીવન પર ભારે અસર કરી છે. સતત ૧૦ દિવસ દરમિયાન ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૨ થી ૪૫ ડિ.સે. વચ્ચે નોંધાઈ રહ્યો છે. આગ ઓકતી જીવલેણ ગરમીથી બે દિવસમાં ત્રણ વ્યક્તિઓના મોત થયા હતા. આજે પણ વહેલી સવારથી ગરમીનું મોજુ ફરી વળતા મહત્તમ ગરમીનો પારો ૪૪ ડિ.સે. પહોંચ્યો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮.૭ ડિ.સે. નોંધાયું હતું. અંગ દઝાડતી ગરમી સામે લોકો અકળાઈ ગયા છે અને તેનાથી બચવા અવનવા નુસકા અજમાવી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર રાજ્યભરમાં ગરમીના આક્રમણથી લોકો બેબાકળા બની ગયા છે. સવાર ચઢતાની સાથે સૂર્યદેવ પોતાના મૂડમાં આવી જતા સતત ગરમીનો મારો કરી રહ્યા છે. પરિણામે માનવજાત સહિત પશુ પક્ષીઓ પણ ત્રાહિમામ પોકારી ગયા છે. રાજ્યના અનેક શહેરોમાં વહેલી સવારથી શહેરના માર્ગો સુમસાન બની જાય છે. ગરમીના કાળા કેર સામે રક્ષણ મેળવવા એસી, પંખા, કુલર જેવા વીજ ઉપકરણો ચાલુ કરી ઘર કે ઓફિસમાં જ પુરાઈ રહે છે. બપોરના ૧૨ થી ૫ વાગ્યા દરમિયાન બજારો માર્ગો દુકાનો સહિત જાહેર સ્થળો ખાલીખમ સુમસામ બની જાય છે. લોકો ના છૂટકે જ દુપટ્ટા, ટોપી, રૂમાલ કે હેલ્મેટ પહેરીને વાહન પર બહાર જવાનું

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર જિલ્લાના નવા બંને પોલીસ સ્ટેશન ૧૦મીથી શરૂ થશે

## ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન સેક્ટર-૭ ખાતેના જુના પોલીસ સ્ટેશનમાં શરૂ કરવામાં આવશે : રીનોવેશન કામગીરી ચાલુ : પોલીસ સ્ટેશન માટે જરૂરી સ્ટાફને નિમણૂક પણ આપી દેવાઈ : પોલીસની કામગીરી વધુ અસરકારક બનશે

ગાંધીનગર, તા. ૮

તંદુરસ્ત સમાજની રચના માટે



કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અનિવાર્ય છે. છેલ્લા ઘણા સમયથી પોલીસ તંત્રને વધુ મેનપાવર ઉપલબ્ધ થાય તેવી માંગ પ્રબળ બની હતી ત્યારે વિકસતા ન્યુ ગાંધીનગરને અનુલક્ષીને નવું પોલીસ સ્ટેશન કાર્યરત થાય તે પણ તેટલું જ જરૂરી બન્યું હતું. આખરે ઈન્ફોસિટી અને સાંતેજમાં નવું પોલીસ સ્ટેશન શરુ કરવા જીલ્લા પોલીસ વડાએ આદેશ કરી દીધો છે. આગામી ૧૦ જુનના રોજ આ બંને પોલીસ સ્ટેશનો કાર્યરત થઈ જશે. જેના પરિણામે પોલીસનો કાર્યભાર હળવો થશે અને અરજદારોની

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં રથયાત્રા માટે તડામાર તૈયારીઓ

## ૨૯મી જુને શહેરના માર્ગો પરથી ભવ્ય રથયાત્રા નીકળશે રથયાત્રાનું ભાવિકો ઠેર - ઠેર ભવ્ય સ્વાગત કરશે : હાથી, ઘોડા અને કલાત્મક બગી આકર્ષણ જમાવશે

ગાંધીનગર, તા. ૮

ભગવાન જગન્નાથજીની રથયાત્રા આગામી તારીખ ૨૯ જુનના રોજ નીકળશે. ભગવાનની ભવ્ય રથયાત્રાને અનુલક્ષી રથયાત્રા સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ૨ .૫ કિ.મી લાંબી રથયાત્રામાં હાથી, ઘોડા અને કલાત્મક બગી ઉપરાંત ૭૫ વાહનો તેમજ ૧૫ ટેબ્લો પણ જોવા મળશે. રથયાત્રાને અનુલક્ષી શિસ્ત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પણ શ્રદ્ધાળુઓને સહકાર આપવા સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે.

રથયાત્રા મહોત્સવ સમિતિના મંત્રી ડૉ. દિનેશ કાપડીયાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે આગામી ૨૯ જુનના રોજ ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા યોજવા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જય રણછોડ... માખણ ચોર...ના જયઘોષ વચ્ચે નગરના વિવિધ માર્ગો પર નીકળનારી ભવ્ય રથયાત્રામાં એક હાથી, ઘોડા વાળી બગી, બેન્ડ વાજા, ૧૨ ઉંટલારી સહીત અંદાજીત ૭૫ જેટલા વાહનો તેમજ ૧૫ ટેબ્લો જોડાશે. ૨ .૫ કિ.મી લાંબી રથયાત્રા શહેરના વિવિધ માર્ગો પર શાંતિમય અને શિસ્તબદ્ધરીતે યોજાય તે માટે સમિતિ દ્વારા પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પરંપરાગત રથયાત્રામાં શહેરના નવવિકસિત વિસ્તારના રહીશો પણ

● અનુસંધાન પાન-૭ પર

વર્ગ-1/2 ની ભરતીમાં સામાન્ય કક્ષાના ઉમેદવારો માટે ઉંમર-35 વર્ષ કરવા બદલ ગુજરાત સરકારને ખૂબ ખૂબ અભિનંદન !!
ગુજરાત સરકારમાં 2014 માં 16000 થી વધુની વર્ગ-1/2/3 માં ભરતી !
Dy.SP/DC SO/TDO/ મામલતદાર / વર્ગ (1/2) 351 જગ્યાઓ
GPSC પ્રિલિમ પરીક્ષા ઓક્ટો-14
CSAT/GS શનિ/રવિ અથવા સોમ થી શુક્રની બેચ
જાહેરાત પ્રસિદ્ધ થશે 21 જૂન 2014
19/6 તથા 22/6 થી નવી બેચની શરૂઆત
પરીક્ષા સુધીનો કોર્ષ મહત્તમ 6 માસ
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
કલાર્ક/ એકાઉન્ટન્ટ કોન્સ્ટેબલ વર્ગ-3માં 15000થી વધુની ભરતી
માસ્ટર કોર્ષ-2014 (વર્ગ 3 માટે ખાસ બેચ)
ગુજરાતી / અંગ્રેજી / ગણિત / GS / બુદ્ધિ ચાતુર્ય / કોમ્પ્યુટર
સોમ થી શુક્ર ની બેચ
4 માસનો પરીક્ષાલક્ષી અભ્યાસ
19/6 થી બેચની શરૂઆત
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજ. ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 3.00 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10 થી 4.30 સુધી)
તા.22-6-2014 થી નવી ફી લાગુ પડશે. *સંભવિત

# જિલ્લા પંચાયતની ૧૭મીએ ખાસ સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આગામી ૧૭મી જૂનના રોજ જિલ્લા પંચાયતના સરદાર હોલમાં બપોરે ૨.૩૦ કલાકે મળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલની અધ્યક્ષતામાં મળનાર આ સામાન્યસભા ખાસ બેઠક હોવાથી તેમાં પ્રશ્નોત્તરી હાથ ધરવામાં આવશે નહિ.

જિલ્લા પંચાયત દ્વારા આ સામાન્ય સભાના એજન્ડાને જારી કરી દેવામાં આવ્યો છે. લોકસભાની ચૂંટણી પછી આ પહેલી બેઠક મળી રહી છે અને આદર્શ આચાર સંહિતાના અમલને લઈ કોઈ ખાસ કામગીરી થઈ ન હોવાથી આ બેઠક રૂટીન બેઠક બની રહેશે તેમ રાજકીય વર્તુળોનું માનવું છે.

આ બેઠક અગાઉ બજેટ બેઠક મળી હતી અને થોડાક દિવસો પૂર્વે જ આચારસંહિતાનો અમલ સમાપ્ત થયો હોવાથી હવે વિકાસના કામો પર ભાર મુકવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. સભ્યોને તેમના વિસ્તારમાં વિકાસના કામો માટે ફાળવવામાં આવેલી ગ્રાન્ટ અને તેના કામોની સમીક્ષા કરાશે. આ ઉપરાંત રેતી કાંકરીની ગ્રાન્ટના કામોની પણ સમીક્ષા કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયત દ્વારા બજેટ મંજૂર થઈ ગયુ હોવાથી વિકાસના કામો ઝડપથી શરૂ કરવાના મુદ્દે પણ સભ્યો રજુઆત કરે તેવી શક્યતાઓ છે.

આ બેઠકમાં વિપક્ષ ભાજપ પણ કોઈ ખાસ રજુઆતો કરવાના મૂડમાં હોય તેવુ લાગતું નથી. જો કે આ બેઠકને લઈ રણનીતિ તૈયાર કરવા માટે હવે પછી બેઠક મળશે તેમ ભાજપના સૂત્રોએ જણાવ્યુ છે.

દરમ્યાન આ બેઠકમાં શિક્ષણ સમિતિ અને ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં સભ્યોની નિમણુંકનો મુદ્દો પણ હાથ પર લેવામાં આવે તેવી શક્યતાઓ છે. આ બેઠકમાં જિલ્લા પંચાયતમાં કર્મચારીઓને બેસવામાં પડતી મુશ્કેલી અંગે પણ રજુઆતો કરી ચર્ચા કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

# પીએમઓના પીઆરઓ તરીકે જગદીશ ઠક્કર નિમાયા

ગાંધીનગર, તા. ૮

રાજ્યના મુખ્યમંત્રીશ્રીના પી.આર.ઓ. તરીકે સફળતાપૂર્વક



ફરજો બજાવનાર શ્રી જગદીશભાઈ ઠક્કરની વડાપ્રધાન કાર્યાલયમાં પી.આર.ઓ. તરીકે જ નિયુક્તી કરાઈ છે. શ્રી ઠક્કરની આ નિમણુંક પછી પી.એમ.ઓ.માં પ્રેસ એડવાઈઝરની જગ્યા નહિ ઉભી કરાય તેમ મનાઈ રહ્યું છે.

શ્રી જગદીશભાઈ ઠક્કર આમ તો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સૌથી નજીકના મનાઈ રહ્યા છે. તેમની નિમણુંક થતાં પી.એમ.ઓ. માંથી કોઈ વાત મીડિયા સુધી ખોટી પહોંચે નહિ તેની ખાસ કાળજી લેવાશે તેમ મનાઈ રહ્યું છે.

# ગાંધીનગરમાં આઈ એમ ગ્લોબલ ઈન્ડિયન નામના આંતરરાષ્ટ્રીય ફોરમની રચના

## દેસ વિદેશમાં ભારતીય યુવાનોને અભ્યાસ અને ધંધા-રોજગાર ક્ષેત્રે મદદ કરશે : ફોરમ યુવાનો માટે આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ બનશે

ગાંધીનગર, તા.૮

દેશ-વિદેશમાં વસતા ભારતીય યુવાનોને મદદરુપ થવા માટે ગાંધીનગરમાં ઈન્ફોસીટી ખાતે 'આઈ એમ ગ્લોબલ ઈન્ડિયન' નામના આંતરરાષ્ટ્રીય ફોરમની રચના કરવામાં આવી છે. બિનરાજકીય આ ફોરમ નફાની આશા વગર દેશના યુવાનોને વૈશ્વિક સ્તરે અભ્યાસ અને ધંધા રોજગાર ક્ષેત્રે મદદરૂપ થશે. ઈન્ફોસિટી કલબ રીસોર્ટ ખાતે ૭ જૂનના રોજ આ આંતરરાષ્ટ્રીય ફોરમ અન્વયે વૈશ્વિક મિશનનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

૧.૨૭ અબજ સાથે ભારત દુનિયાનો બીજો સૌથી વધુ ધરાવતો દેશ છે. જેમાંથી ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા યુવા વર્ગની છે. ભારતમાં વસતા તથા વિદેશમાં વસતા ભારતીય યુવાનોને મદદરૂપ થવા માટે 'આઈ એમ ગ્લોબલ ઈન્ડિયન' આંતરરાષ્ટ્રીય ફોરમની રચના કરવામાં આવી છે, જેનું ઉદઘાટન ૭મી જુને ગાંધીનગર ખાતે થયું હતું. વિશ્વભરમાં વસતા ભારતીય યુવાનોમાં એકતા સધાય



(તસવીર : કશ્યપ નિમાવત)

અને તેઓને પોતાનાં ઘર આંગણે કે વિદેશમાં પગભર થવામાં મદદ મળે તે માટે આ ફોરમ કાર્ય કરશે.

૭મી જુન, ૨૦૧૪ના દિવસે ગાંધીનગર ઈન્ફોસીટી કલબ રિસોર્ટ ખાતે 'આઈ એમ ગ્લોબલ ઈન્ડિયન' નામના વૈશ્વિક મિશનનો શુભારંભ થયો હતો. ભારતીય યુવાનોને વિદેશની ધરતી પર અને વિદેશમાં વસતા ભારતીય યુવાનોને ભારતની ધરતી પર મદદ મળી રહે તે માટેના પ્લેટફોર્મ તરીકે ઉપરોકત આંતરરાષ્ટ્રીય ફોરમની રચના કરવામાં આવી છે. તા. ૭મી જુને સાંજે ૭ વાગે 'આઈ એમ ગ્લોબ ઈન્ડિયન' ફોરમના ઉદઘાટન પ્રસંગે ડૉ. જયદીપ

● અનુસંધાન પાન-૭ પર

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com